જુલાઈ–૨૦૨૪ માસમાં થયેલ ભારે વરસાદના કારણે થયેલ પાક નુકસાન અન્વયે "કૃષિ રાહત પેકેજ–૨૦૨૪"

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**ઠરાવ ક્રમાંક: ACD/MIS/e-file/2/2024/2765/K7**

સચિવાલય, ગાંધીનગર

**તા.૨૩/૦૮/૨૦૨૪**

**વંચાણે લીધા:**

(૧) મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા:૨૭/૦૪/૨૦૧૫

(૨) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૦/૧૦/૨૦૨૨ ના પત્રક્રમાંક : F.No.33-03/2020-NDM-I (Vol-II)

(૩) મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા:૧૦/૧૦/૨૦૨૩

(૪) ખેતી નિયામકશ્રીની કચેરીના તા.૦૫/૦૮/૨૦૨૪ ના પત્ર ક્ર.ઇકોસ્ટેટ/વેધર/૩૩૬૭/૨૦૨૪ તથા પત્ર ક્ર.ઈકોસ્ટેટ/વેધર/૩૩૬૬/૨૦૨૪ થી કરેલ દરખાસ્તો

**પ્રસ્તાવના:**

રાજ્યમાં ચાલુ વર્ષે જુલાઈ–૨૦૨૪ માં તા.૧૮ થી ૨૩ જુલાઈ દરમ્યાન થયેલ જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં તથા તા.૦૨ જુલાઈના રોજ થયેલ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ખેતી અને બાગાયતી પાકોમાં પ્રાથમિક નુકસાન થયાના તથા ખેતરોમાં પાણી ભરાઇ જવાના કારણે વ્યાપક નુકસાનીના પ્રાથમિક અંદાજો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મળેલ છે. જિલ્લા કક્ષાએ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પાક નુકસાન અંગે મળેલ પ્રાથમિક અહેવાલ મુજબ મુખ્યરીતે અસરગ્રસ્ત તથા વ્યાપક નુકસાન ધરાવતા જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાઓમાં તથા નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ ખેડૂતોને સહાય આપવી જરૂરી જણાતા વંચાણે લીધેલ ક્રમાંક (૪) મુજબ ખેતી નિયામકશ્રીએ કરેલ દરખાસ્તો અન્વયે SDRF તથા રાજ્ય બજેટમાંથી "કૃષિ રાહત પેકેજ" આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્યમાં ખરીફ-૨૦૨૪ ઋતુમાં તા.૧૮ થી ૨૩ જુલાઈ દરમ્યાન થયેલ ભારે વરસાદના કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિને ધ્યાને લઈ રાજ્યના જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી એમ કુલ ૦૯ જિલ્લાઓના ૪૪ તાલુકાના ૧૭૭૨ ગામોને તથા તા.૦૨ જુલાઈના રોજ નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં થયેલ ભારે વરસાદને કારણે ઉદ્ભવેલી પરીસ્થિતિને ધ્યાને લઈ નીચેની શરતો મુજબ SDRF તથા રાજ્ય બજેટમાંથી કૃષિ રાહત પેકેજ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(ક) ચૂકવવાપાત્ર સહાય અને સહાયના ધોરણો:**

**અ)** ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલ બિન પિયત ખેતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ રૂ.૮,૫૦૦/-ની સહાય તેમજ રૂ.૨૫૦૦/-રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રુ.૧૧,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**બ)** વર્ષાયુ/પિયત પાકોના ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ મળવા પાત્ર રૂ.૧૭,૦૦૦/-ની સહાય તેમજ રૂ.૫૦૦૦/-રાજ્ય બજેટ હેઠળ એમ કુલ રુ.૨૨,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતા દીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**ક)** બહુ વર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ મળવાપાત્ર રૂ.૨૨,૫૦૦/-ની સહાય પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**ખ) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે સહાયના ધોરણો**

**ખ-૧)** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં વર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ પ્રતિ હેકટર મળવા પાત્ર રૂ.૧૭,૦૦૦/- ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૫,૦૦૦/- ગણતરીમાં લઈ કુલ રૂ.૨૨,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**ખ-૨)** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦% કે તેથી વધુ પરંતુ ૩૩% થી ઓછા ઝાડ ઉખડી જવાના/પડી જઇ /ભાંગી જઇ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કીસ્સામાં રાજ્ય ભંડોળમાંથી સહાય રૂ.૨૫,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

**ખ-૩)** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ ઝાડ ઉખડી જવાના/પડી જઇ/ભાંગી જઇ નાશ પામેલ હોય તે કીસ્સામાં SDRF ના નોર્મ્સ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂ.૨૨,૫૦૦/- ની સહાય ઉપરાંત ખાસ કીસ્સામાં રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય પ્રતિ હેક્ટર રૂ.૧,૦૨,૫૦૦/- ગણતરીમાં લઈ કુલ રૂ.૧,૨૫,૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય.

- આ સહાય ખાતાદીઠ (ગામ નમૂના નં-૮/અ મુજબ) મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં મળવાપાત્ર થશે.

- આ સહાય પેકેજનો લાભ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર કરેલ નુકસાનગ્રસ્ત ગામોમાં નિયત ધોરણો મુજબ કૃષિ તથા બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન ધરાવતા હોય તેવા ખાતેદાર ખેડૂતોને મળવાપાત્ર રહેશે.
- લાભાર્થી જે તે પાક અને નુકશાનીના પ્રકાર મુજબ ઉક્ત ઠરાવના (ક)ના (અ), (બ), (ક) હેઠળ ત્રણેય પ્રકારના પાકો માટે સહાય મેળવી શકશે. પરંતુ કુલ સહાય ૨ હેક્ટર કરતાં વધારે વિસ્તાર માટે મળશે નહી.
- નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે લાભાર્થી જે તે પાક અને નુકસાનીના પ્રકાર મુજબ ઉક્ત ઠરાવના (ખ)ના (ખ-૧), (ખ-૨) અને (ખ-૩) હેઠળ ત્રણેય પ્રકારના પાકો માટે સહાય મેળવી શકશે. પરંતુ કુલ સહાય ૨ હેક્ટર કરતાં વધારે વિસ્તાર માટે મળશે નહી.
- ઉપરોક્ત (અ), (બ), (ક), (ખ-૧), (ખ-૨) અને (ખ-૩) અન્વયે નુકસાનની ગણતરી માટે પાક વાર વાવેતર વિસ્તાર તથા બહુવર્ષાયું બાગાયતી પાકોના કિસ્સામાં ઝાડની સંખ્યા તથા તેનો વાવેતર વિસ્તાર દર્શાવતો તલાટી-કમ-મંત્રીનો દાખલો (પ્રમાણપત્ર) ખેડૂત દ્વારા રજૂ કરવાનો રહેશે તથા તલાટી-કમ-મંત્રીના દાખલામાં દર્શાવેલ વિગતો મુજબ સહાયની રકમ અંગેની ચકાસણી કરવાની રહેશે.
- આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવાની ચૂકવવાપાત્ર રકમ રૂ.૩૫૦૦/- કરતાં ઓછી થતી હોઇ તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ.૩૫૦૦/- ચૂકવવાના થાય જેમાં રૂ.૧૦૦૦/- SDRF માંથી તેમજ તફાવતની રકમ રૂ.૨૫૦૦/- રાજ્ય બજેટમાંથી ચૂકવવાની રહે.

**(ગ) લાભાર્થીની પાત્રતા અને સહાય મેળવવા માટે અરજી:**

1. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨, આધાર નંબર, મોબાઇલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ તથા નામ દર્શાવતી બેન્ક પાસબુક પાનાની નકલ, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો "ના - વાંધા અંગેનો સંમતિ પત્ર" વગેરે સાધનિક વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર VCE/VLE મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોએ અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહીં તથા નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે આ પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮/અ, પાકવાર વાવેતર વિસ્તાર તથા બહુવર્ષાયું બાગાયતી પાકોના કિસ્સામાં ઝાડની સંખ્યા તથા તેનો વાવેતર વિસ્તાર દર્શાવતો તલાટી-કમ-મંત્રીનો દાખલો (પ્રમાણપત્ર), ગામ નમૂના નં.૭-૧૨, આધાર નંબર, મોબાઇલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ તથા નામ દર્શાવતી બેન્ક પાસબુક પાનાંની નકલ અથવા તમામ વિગતો સહિતની કેન્સલ ચેક, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો "ના - વાંધા અંગેનો સંમતિ પત્ર" અથવા સંયુકત ખાતેદારોની અનુપસ્થિતીમાં લાભ મેળવનાર ખાતેદારનું કબુલાત

નામુ વિગેરે સાધનિક વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

2. આ ઠરાવ પ્રસિધ્ધ થયેથી તા.૩૦/૦૮/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે તથા નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે ઠરાવ થયા તારીખથી તા.૩૦/૦૯/૨૦૨૪ સુધી તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં ઓફલાઇન અરજી કરવાની રહેશે.
3. અરજીની તારીખે રેવન્યુ લેન્ડ રેકર્ડ મુજબ અરજદાર ખાતા ધારક હોવો જોઇશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લેન્ડ રેકર્ડ ઇન્ટીગ્રેટ કરવા માટે લેન્ડ રેકર્ડની વિગત મહેસૂલ વિભાગે NICને પુરી પાડવાની રહેશે.
4. આ પેકેજ અંતર્ગતની સહાય ખેડાણ હેઠળના ખાતા દીઠ (ગામ નમૂના નં. ૮/અ દીઠ) એક લાભાર્થી તરીકે ગણવાની રહેશે અને આ ખાતામાં એકથી વધુ ખેડૂતોનો સમાવેશ થતો હોય તો આ તમામ ખેડૂતો પૈકી કોઇ એક જ ખેડૂતને સહાય મળશે અને તેણે ખાતાના અન્ય ખેડૂતોનું સંમતિપત્રક રજૂ કરવાનું રહેશે.
5. આ પેકેજ હેઠળ ખાતેદાર ખેડૂત એક કરતા વધુ ખાતા ધરાવતા હશે તો પણ એક જ ખાતા પર સહાય મળવાપાત્ર થશે.
6. આ પેકેજ અંતર્ગત ફોરેસ્ટ રાઇટ એક્ટ (FRA) હેઠળ નોટીફાઇડ થયેલા જિલ્લાઓમાં વન અધિકાર પત્ર (સનદ) મેળવેલ હશે તેવા ખેડૂત ખાતેદારોને પણ લાભ મળવાપાત્ર થશે.
7. વન વિસ્તારમાં આવેલા સેટલમેન્ટના ગામોમાં ખેતી કરતા ખેડૂતોને પણ સહાય મળવાપાત્ર રહેશે. તે માટે સક્ષમ અધિકારીશ્રીનો દાખલો/પ્રમાણપત્ર લેવાનો રહેશે.
8. ખાતેદારના મૃત્યુના કિસ્સામાં વારસદારો તરફથી પેઢીનામુ રજુ કરવાનું રહેશે. પેઢીનામા પૈકીના કોઇ એક વારસદાર સહાય મેળવવા માટે પેઢીનામા પૈકી અન્ય વારસદારો તથા તે ખાતાના અન્ય ખાતેદારોની સંમતિનું સોગંદનામુ રજુ કરી અરજી કરી શકશે.
9. આ રાહત પેકેજ નો લાભ સરકારી, સહકારી કે સંસ્થાકીય જમીનધારકોને મળવાપાત્ર રહેશે નહી.
10. આ પેકેજ અંતર્ગત એક આધાર નંબર દીઠ એક જ વાર સહાય મળવાપાત્ર રહેશે. આધાર નંબર ન મેળવેલ હોય તો આધાર એક્ટમાં નિયત કરેલ જોગવાઇ મુજબ જરૂરી પુરાવા રજુ થયે સહાય મળવા પાત્ર થશે.
11. આ "કૃષિ રાહત પેકેજ"-૨૦૨૪ અંતર્ગત સહાય અને આનુષાંગિક ચૂકવણા PFMS/RTGS મારફત DBT પદ્ધતિથી લાભાર્થીના બેન્ક ખાતામાં સીધા જ કરવાના રહેશે.

**(ઘ) અરજી કરવાની અને અમલીકરણ કાર્ય પદ્ધતિ ("જ" સિવાયના કિસ્સામાં) :**

1. લાભાર્થી ખેડૂતે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ સેન્ટર પર સંબંધિત VLE/VCE મારફત સાધનિક આધાર પુરાવા સાથે ડિજિટલ પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
2. ખેડૂત તરફથી મળેલ નિયત સાધનિક આધાર પુરાવા મુજબ વિગતોની સાચી ડેટા એન્ટ્રી થાય તે અંગેની પ્રાથમિક જવાબદારી સંબંધિત VLE/VCEની રહેશે. તથા તમામ ડેટા એન્ટ્રી યોગ્ય ચકાસણી બાદ જ કરવાની રહેશે.
3. ત્યાર બાદ સંબંધિત VLE/VCE દ્વારા અરજીની પ્રીન્ટ આઉટ લઇ નિયત જગ્યાએ લાભાર્થી ખેડૂતની સહી લેવાની તથા સંબંધિત VLE/VCEએ પણ સહી કરવાની રહેશે.

4. નિયત આધાર પુરાવા સાથેની અરજી VLE/VCEએ સંબંધિત ગ્રામ સેવકને દૈનિક ધોરણે પહોંચતી કરવાની રહેશે.
5. VLE/VCE તરફથી મળેલ અરજી પૈકી ખેતીપાકો માટે સંબંધિત ગ્રામસેવક તથા વિસ્તરણ અધિકારી(ખેતી) દ્વારા અને બાગાયતી પાકોના કિસ્સામાં ગ્રામસેવક તથા બાગાયતી અધિકારી દ્વારા યોગ્ય ચકાસણી કરવાની રહેશે ત્યારબાદ પાત્રતા ધરાવતી તમામ અરજીઓ ગ્રામસેવક દ્વારા ઓનલાઇન ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તાલુકા વિકાસ અધિકારીશ્રીને મોકલી આપશે.
6. સંબંધિત તાલુકા વિકાસ અધિકારી ગ્રામ સેવક તરફથી મળેલ લાભાર્થીની વિગતો ચકાસીને જિલ્લા ખેતીવાડી અધિકારીને ઓનલાઇન મોકલી આપશે.
7. તમામ અરજીઓ સબંધિત તાલુકા પંચાયત કક્ષાએ રેકર્ડ તરીકે નિભાવવાની રહેશે.

**(ચ) PFMS પોર્ટલ મારફત ચૂકવણાં અર્થે રાજ્ય તથા જિલ્લા કક્ષાએ નીચે મુજબની વ્યવસ્થા અમલી કરવાની રહેશે. ("જ" સિવાયના કિસ્સામાં)**

**(ચ.૧) જિલ્લા કક્ષાએ સદર ચૂકવણાં માટે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ:**

1. સ્ટેટ admin એકાઉન્ટમાંથી જિલ્લાના ડિસ્ટ્રીક્ટ એડમીન બનાવવાના રહેશે. ડિસ્ટ્રીક્ટ એડમીન તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારી રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીના admin એકાઉન્ટમાંથી જિલ્લા કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) અને એપ્રુવર (ચેકર) નિયત કરાશે. જિલ્લા કક્ષાના ડેટા ઓપરેટર (મેકર) તરીકે જિલ્લા ખેતીવાડી અધિકારી અને એપ્રુવર (ચેકર) તરીકે હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત રહેશે.
2. સંબંધિત તાલુકા વિકાસ અધિકારી મારફત મળેલ લાભાર્થીની વિગતોને આધારે જિલ્લા ખેતીવાડી અધિકારી Digital Gujarat Portal પર સદર લાભાર્થીના ડેટાની ફાઇલ તૈયાર કરશે અને તમામ તાલુકાઓની ડેટા ફાઇલ વેરિફિકેશન માટે PFMS portal માં પુશ કરશે.
3. તે પૈકી PFMS દ્વારા રિજેક્ટ કરેલ ડેટા VCE/VLE ના Log In માં પરત મળશે. જે ડેટા VCE/VLE દ્વારા પુન: સુધારી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે તથા સુધારેલ અરજીની પ્રીન્ટ/હાર્ડ કોપીમાં સબંધિત અરજદાર ખેડૂતની સહી મેળવીને VCE/VLEએ સુધારા અન્વયે સહી કરી ગ્રામસેવકને પુનઃ રજુ કરવાની રહેશે. ત્યાર બાદ તમામ કક્ષાએથી આગળની કાર્યવાહી સમાન કાર્ય પદ્ધતિ અનુસાર ફરીથી કરવાની રહેશે.
4. ઉક્ત પૈકી લાભાર્થીના PFMS પોર્ટલ પર વેરીફાય થયેલ ડેટાના આધારે જિલ્લા ખેતીવાડી અધિકારી તાલુકાવાર બિલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તૈયાર કરશે અને જિલ્લા હિસાબી અધિકારીને મોકલશે.
5. જિલ્લા હિસાબી અધિકારી ચૂકવણાં માટે રજૂ થયેલા લાભાર્થીઓના ચૂકવણાંના બિલ મંજૂર કરશે અને તેમની ડિજિટલ સિગ્નેચરથી PFMS મારફતે ઓનલાઈન DBT પદ્ધતિથી સંબંધિત લાભાર્થીને ચૂકવણું કરશે.
6. PFMS પોર્ટલ પર ઓનલાઇન ચુકવણાની ઉક્ત કાર્યપદ્ધતિ અનુસર્યા બાદ બે વખત અસફળ રહે તો આવા લાભાર્થીની યાદી જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીની મંજુરી મેળવ્યા બાદ

ચુકવણા અર્થે બિલ જિલ્લા હિસાબી અધિકારીને મોકલવાના રહેશે. આ મંજુર થયેલ બીલ જિલ્લા હિસાબી અધિકારીએ RTGS/NEFTથી ચુકવણા કરવાના રહેશે.

7. આ સમગ્ર ચૂકવણાની કાર્યવાહી પૂર્ણ થયે વર્ષાંતે જિલ્લા હિસાબી અધિકારીએ હિસાબોનું મેળવણું કરી "ગ્રાન્ટ વપરાશનું પ્રમાણપત્ર"(UTC) ખેતી નિયામક, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.
8. આ કૃષિ રાહત પેકેજ અંતર્ગત થનાર જિલ્લા કક્ષાની તમામ કાર્યવાહીનું સંકલન/મોનિટરીંગ/સમીક્ષા સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવાનું રહેશે.

**(ચ.૨) રાજ્ય કક્ષાએ સદર ચૂકવણાં માટે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ:**

1. સહાય ચુકવણી PFMS મારફતે કરવાની થતી હોઇ ખેતી નિયામક કચેરીમાં SDRF ગ્રાન્ટ તથા રાજ્ય બજેટની ગ્રાન્ટ માટે બે અલગ અલગ સેવીંગ એકાઉન્ટ ખોલાવવાના રહેશે
2. આ બેન્ક એકાઉન્ટ્સ PFMS પોર્ટલ સાથે સંબંધિત એકાઉન્ટ ઓફિસરની ડિજિટલ સિગ્નેચરથી Link કરવાના રહેશે.
3. ખેતી નિયામકની કચેરીના નિયત કરેલ સંબંધિત અધિકારીશ્રીના એજન્સી admin એકાઉન્ટમાંથી રાજ્ય કક્ષાના ડેટા ઓપરેટર(મેકર) અને ડેટા એપ્રુવર(ચેકર) નિયત કરવાના રહેશે.
4. રાજ્ય કક્ષાના ડેટા ઓપરેટર(મેકર) તરીકે ખેતી નિયામક નિયત કરે તેવા નાયબ ખેતી નિયામકને સદર કામગીરી સોંપવાની રહેશે. ડેટા ઓપરેટર(મેકર) દ્વારા સંબંધિત જિલ્લાની જરૂરિયાત મુજબ ગ્રાન્ટ ફાળવણી માટેના ડેટા(બિલ) તૈયાર કરવાના રહેશે અને તે બિલ ડેટા એપ્રુવર(ચેકર)ને મોકલવાના રહેશે.
5. રાજ્ય કક્ષાના ડેટા એપ્રુવર(ચેકર) તરીકે ખેતી નિયામકની કચેરીના હિસાબી અધિકારી/સંયુક્ત નિયામક (હિસાબ) રહેશે. ડેટા એપ્રુવર(ચેકર) તરીકે હિસાબી અધિકારી/સંયુક્ત નિયામક(હિસાબ) તેમના લૉગિનમાં મળેલ ડેટા(બિલ)ની ચકાસણી કરશે અને જિલ્લા દ્વારા કરેલ ગ્રાન્ટ માંગણીના આધારે, તેઓની ડિજિટલ સિગ્નેચરથી સંબંધિત જિલ્લાને ગ્રાન્ટની ફાળવણી કરશે.

**(છ) ઉકત કાર્ય પદ્ધતિના અમલ અર્થે નીચે મુજબની વ્યવસ્થા હાથ ધરવાની રહેશે ("જ" સિવાયના કિસ્સામાં):**

**(છ.૧) કૃષિ રાહત પેકેજ ૨૦૨૪ અંતર્ગત જિલ્લા હિસાબી અધિકારીના બેંક એકાઉન્ટ ખોલવા બાબત:**

- જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા પંચાયત ખાતે બેંક ખાતા SDRF તથા રાજ્ય બજેટની ગ્રાન્ટ માટે સંબંધિત જિલ્લા પંચાયતના એકાઉન્ટ ઓફિસરની ડિજિટલ સિગ્નેચરથી ઓપરેટ થતા સેવીંગ એકાઉન્ટ ખોલાવવાના રહેશે.

**(છ.૨) જિલ્લા હિસાબી અધિકારીની ડિજિટલ સિગ્નેચરનો ઉપયોગ કરવા માટેની પદ્ધતિ:**

1. આ પેકેજ અંતર્ગત સહાયના નાણા ઝડપથી સીધા લાભાર્થીના બેંક એકાઉન્ટમાં જમા થાય તે માટે ચૂકવણાં જિલ્લા હિસાબી અધિકારીની ડિજિટલ સિગ્નેચર મારફત કરવાના રહેશે.

2. આ માટે જો જિલ્લા હિસાબી અધિકારી પાસે હાલમાં ડિજિટલ સિગ્નેચર ઉપલબ્ધ હોય અને PFMS સાથે સંકલિત કરી શકાય તેમ હોય તો તેનો ઉપયોગ કરવાનો રહેશે અન્યથા નવી ડિજિટલ સિગ્નેચર તૈયાર કરવાની રહેશે.
3. આ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની થતી હોઇ, જિલ્લા હિસાબી અધિકારીએ આ અંગેની જરૂરી તમામ વિગતો જિલ્લા ખેતીવાડી અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.
4. આ રાહત પેકેજ અંતર્ગત ટૂંકા સમયગાળામાં લાભાર્થીઓને સહાય ચૂકવવાની થાય છે. આ માટે ડેટા એન્ટ્રી, પોર્ટલ બનાવવું, કોન્ટ્રાકચ્યુઅલ મેનપાવર, કન્ટીજન્સી, જરુરી સંસાધનો વગેરે માટે પ્રતિ અરજી દીઠ રૂ.૨૦/- લેખે રાજ્ય બજેટમાંથી ખર્ચ કરવાનો રહેશે. જે પૈકી ઈ-ગ્રામ ખાતેના VCE/VLE/TLE/ ગ્રામસેવક અથવા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અધિકૃત વ્યકિત મારફત પોર્ટલ પર જરૂરી કાગળો સાથે સફળતાપૂર્વક ઓનલાઈન ડેટા એન્ટ્રી, એડિટિંગ, અપડેશન કરી અરજી સાથેના તમામ સાધનિક કાગળોની પ્રિન્ટ/હાર્ડ કોપીમાં અરજદારની સહી લઈ અરજીઓના બંચ સાથેની યાદી બનાવી સબંધિત ગ્રામસેવકોને ઉપલબ્ધ કરાવેલ હોય અને જે અરજીઓનું ચૂકવણું થયેલ હશે તેવી "સફળ અરજી" દીઠ રૂ.૧૫.૦૦ પ્રતિ અરજી લેખે તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ જે જિલ્લાઓ દ્વારા કન્ટીજન્સી ખર્ચ ખરેખર કરેલ હશે તેવા જિલ્લાઓને પ્રતિ અરજી દીઠ રૂ.૩.૦૦ તેમજ પોર્ટલ ડેવલપમેન્ટ, કોન્ટ્રાકચ્યુઅલ મેનપાવર, કંટીજન્સી અને વહીવટી કામગીરી પેટે ખેતી નિયામકની કચેરી, ગાંધીનગર રૂ.૨.૦૦ પ્રતિ અરજી મળી એમ કુલ રૂ.૨૦ પ્રતિ અરજી ખર્ચ કરવાનો રહેશે.
5. અરજી કરવાની તથા ચુકવણાની કાર્યપદ્ધતિમાં જરૂર મુજબના ફેરફાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ કરી શકશે.
6. અરજી મેળવવાની તથા સહાય ચુકવણી માટે ઓનલાઇન પોર્ટલ તૈયાર કરવાની કાર્યવાહી સ્ટેટ એન.આઇ.સી.(NIC) દ્વારા કરવાની રહેશે.

## (જ) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે અમલીકરણ માટેની કાર્યપધ્ધતિ

- જિલ્લાતંત્ર મારફત થયેલ પાક નુકસાનના સર્વેના આધારે ઓળખ થયેલ અને સર્વે પૂર્ણ થયેલ વિસ્તારના નુકસાનગ્રસ્ત ખેડૂતો કે જેમની વિગતો સર્વેમાં નોંધાયેલ હોય તેવા ૩૩% કે તેથી વધુ નુકસાનગ્રસ્ત સર્વે નંબર વાળા ખાતા (ગામ નમૂના નં-૮/અ) અને બાગાયતી ફળઝાડ ઉખડી જવાના કિસ્સામાં ૧૦% કે તેથી વધુ નુકસાનગ્રસ્ત સર્વે નંબર વાળા ખાતાની નિયત નમૂનાની અરજી સહાય માટે માન્ય રહેશે.
- ખેડૂતની સહાયની અરજી સર્વે અહેવાલ અને તલાટી મંત્રીના વાવેતરના દાખલાના આધારે નુકસાનગ્રસ્ત વિસ્તારના સપ્રમાણમાં ખાતા દીઠ સહાયની પાત્રતાની ચકાસણી સબંધિત ગ્રામસેવક દ્વારા કરી અરજીઓ વિસ્તરણ અધિકારી(ખેતી)ને મોકલી આપશે.
- વિસ્તરણ અધિકારી (ખેતી) દ્વારા ખેતી પાકોની અરજી તથા જોગવાઈ મુજબ ચૂકવવાપાત્ર સહાય રકમની ચકાસણી કરી ભલામણ સહ તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપશે તેમજ બાગાયતી પાકની અરજીના કિસ્સામાં વિસ્તરણ અધિકારી (ખેતી) તથા બાગાયત અધિકારી દ્વારા તલાટી કમ મંત્રીના વાવેતરના દાખલના આધારે નુકસાનગ્રસ્ત વિસ્તારના સપ્રમાણમાં ખાતાદીઠ સહાય રકમની પાત્રતા ચકાસી સંયુકત ભલામણ સહ તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપવાની રહેશે.

- તાલુકા વિકાસ અધિકારીએ મળેલ અરજીઓની પાત્રતા (Eligibility અને સહાય જોગવાઈ) મુજબ સહાય મંજૂર કરવાની રહેશે અને મંજુર કરેલ લાભાર્થીઓની યાદી(બેંક વિગતો સહ) પ્રમાણિત કરી જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારીને ચૂકવણા અર્થે રજૂ કરવાની રહેશે.
- જિલ્લા ખેતીવાડી અધિકારીએ જીલ્લા વિકાસ અધિકારી મારફત SDRF અને સ્ટેટ બજેટ વાર ગ્રાન્ટ માંગણી અનુક્રમે મહેસૂલ વિભાગ અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કરવાની રહેશે.
- જિલ્લા વિકાસ અધિકારીની દરખાસ્તના આધારે બજેટ સદર વાર ગ્રાન્ટના નાણાં સબંધિત વિભાગ દ્વારા ખેતી નિયામકશ્રીની કચેરી મારફત જિલ્લા વિકાસ અધિકારીના હવાલે મૂકવામાં આવશે.
- ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા જિલ્લા હિસાબી અધિકરીશ્રી મારફત લાભાર્થી ખેડૂતોને મંજૂર કરવામાં આવેલ મળવાપાત્ર રકમ RTGS/NEFT/બેન્ક ખાતામાં જમા કરાવવાની રહેશે.
- આ સમગ્ર ચૂકવાણાની કાર્યવાહી પૂર્ણ થયે વર્ષાન્તે જિલ્લા હિસાબી અધિકારીએ હિસાબોનું મેળવણું કરી "ગ્રાન્ટ વપરાશનું પ્રમાણપત્ર "(UTC) ખેતી નિયામક, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.
- જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાનો ઉક્ત સંકલિત અહેવાલ મહેસૂલ વિભાગ અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને કરવાનો રહેશે.
- આ ઠરાવથી ઠરાવેલ "કૃષિ રાહત પેકેજ" અંતર્ગત થનાર જિલ્લા કક્ષાની તમામ કાર્યવાહીનું સંકલન/મોનિટરિંગ/સમીક્ષા સબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવાનું રહેશે. તેમજ સહાય ચૂકવણી બાબતે અન્ય કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો જિલ્લા વિકાસ અધિકારી વિવેકાધીન નિર્ણય કરી શકશે.
- અરજી કરવાની તથા ચૂકવાણાની કાર્યપધ્ધતિમાં જરૂર મુજબના ફેરફાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ કરી શકશે.
- તમામ અરજીઓ સબંધિત તાલુકા કક્ષાએ રેકર્ડ તરીકે નિભાવવાની રહેશે.

આ રાહત પેકેજ અંતર્ગત SDRF બજેટ હેઠળનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

બજેટ સદર: (૭૯-૨૨૪૫-૦૨-૧૯૬-૦૧ (સી-૪) (નાના અને સીમાંત ખેડૂતોને સહાય)
માંગણી નં.: ૭૯
મુખ્ય સદર: ૨૨૪૫ કુદરતી આપત્તિ અંગે રાહત
પેટા સદર: ૦૨
ગૌણ સદર: ૧૯૬-૦૧ નાના સીમાંત ખેડૂતોને સહાય દર
ઓબ્જેક્ટ કલાસ-૪

આ રાહત પેકેજ અંતર્ગત રાજ્ય બજેટનો ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.
રાજ્ય બજેટના ખર્ચનું બજેટ સદરઃ (૨૪૦૧-૦૦-૧૧૦-૦૮)
માંગણી ક્રમાંક: ૦૨
મુખ્ય સદર: ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા
ગૌણ સદર: ૧૧૦-પાક વીમો
પેટા સદર: ૦૮ કુદરતી આપત્તિઓને કારણે થતા પાક નુકસાન માટે ખેડૂતોને સહાય

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પરની સરકારશ્રીની તા.૨૨/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ડામોર)
સંયુક્ત સચિવ
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ/પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્યસચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ), કૃષિ, ખે.ક. અને સ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.
- બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.
- એ.જી. કચેરી, રાજકોટ(એ. એન્ડ ઇ.), ગુજરાત રેસકોર્સ રોડ, રાજકોટ.
- એ.જી. કચેરી, અમદાવાદ
- કલેક્ટરશ્રી, (જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત , નવસારી અને તાપી)
- જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, (જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત , નવસારી અને તાપી) (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત)
- નાયબ બાગાયત નિયામકશ્રી, (જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત , નવસારી અને તાપી) (બાગાયત નિયામકશ્રી મારફત)
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી, (જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ , સુરત, નવસારી અને તાપી) (જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત)

- આઈ.ટી. શાખા તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ )
- શાખા સીલેકટ ફાઈલ